| PUBLICATION NAME : | Sunvilla Samachar |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 17/02/24 |
| PAGE : | 4 |

### એસેન્ચર દ્વારા સમર્થિત

# ઈડીઆઈઆઈના ફ્લેગશિપ વીએક્ટ પ્રોગ્રામે ગુજરાત સરકાર સાથે કર્યા એમઓયુ

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા. ૧૬**

એસેન્ચર દ્વારા સમર્થિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદના વીએક્ટ પ્રોગ્રામે સમાવેશક વિકાસ અને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર કચેરી સાથે સમજૂતી કરાર (એમઓયુ) કર્યો છે. ગુજરાતના કુટિર ઉદ્યોગમાં આર્થિક વિકાસને વધારવા, સ્થાનિક કારીગરોને સશક્ત કરવા તથા ટકાઉ પ્રથાઓને આગળ ધપાવવા માટે આ સહયોગ કરવામાં આવ્યો છે.ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ કમિશનર અને સેક્રેટરી આઈએએસ પ્રવીણ સોલંકી, ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગના અધિક નિયામક હેતલ પટેલ, એસેન્ચરના સીએસઆર મેનેજર ડેનિયલ થોમસ અને ઈડીઆઈઆઈના




ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ્સ-કોર્પોરેટના ડિરેક્ટર ડો. રમણ ગુજરાલની હાજરીમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.આ સહયોગ હેઠળ ગુજરાત સ્થિત મહિલા કારીગરોને એસેન્ચર સમર્થિત વીએક્ટ પ્લેટફોર્મ દ્વારા માર્કેટ એક્સેસ, પ્રોડક્ટ ડેવલપમેન્ટ અને નેટવર્ક તથા ટેક્નોલોજીનો લાભ સુનિશ્ચિત કરવામાં આવશે. વીએક્ટ એ મહિલા ઉદ્યોગ સાહસિકોનું પ્લેટફોર્મ છે જેનો ઉદ્દેશ્ય હસ્તકલા સેતુ પ્રોજેક્ટમાં નોંધાયેલી કારીગરોને તેમનો વ્યવસાય વધારવા અને રાષ્ટ્રીય બજાર સુધીની પહોંચ મેળવવા માટે સક્ષમ બનાવવાનો છે. આ ભાગીદારી સમાવેશક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા, આર્થિક વિકાસને વધારવા તથા ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિને સાચવવા માટેના ગંભીર પ્રયાસોનું પ્રતીક છે.વીએક્ટે ભારતભરમાં ૧૩,૪૦૦થી વધુ મહિલા ઉદ્યોગ સાહસિકો સુધી પહોંચી છે અને કારીગરો તથા વણકરો માટે બજારને નોંધપાત્ર વધાર્યું છે.